# લીડરશીપ અને એન્ટરપ્રિન્યોરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામ
# તા.૧૫–૧૬/૦૨/૨૦૧૮
# બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ

---

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને એન.સી.સી.એસ.ડી. ના સંયુકત ઉપક્રમે લીડરશીપ અને એન્ટરપ્રિન્યોરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન તા. ૧૫–૧૬/૦૨/૨૦૧૮ દરમ્યિાન બાગાયત કોલેજમાં કરવામાં આવેલ હતું. જેમાં બાગાયત કોલેજના કુલ ૭૮ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલો હતો.

કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારંભ તા. ૧૫/૦૨/૨૦૧૮ ના રોજ સવારે ૯:૩૦ વાગ્યે બાગાયત કોલેજના સ્વામી વિવેકાનંદ હોલ ખાતે રાખવામાં આવેલ હતો. જેમાં ડૉ. એસ. એચ. અકબરી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, ડૉ. કે. પી. પટેલ, વિદ્યાશાખાધ્યક્ષ, બાગાયત કોલેજ, ડૉ. એચ. સી. પટેલ, આચાર્ય, બાગાયત કોલેજ તથા નિશાબેન શાહ, ડૉ. આર. એસ. પટેલ, શ્રી હેતલભાઈ પાઠક તથા ડૉ. રાઠોડ, એન.સી.સી.એસ.ડી., અમદાવાદ હાજર રહેલા હતા.

કાર્યક્રમના પ્રવૃતિ દિવસે ડૉ. આર. એસ. પટેલ ધ્વારા ગોલ સેટીંગ અને કેપેસીટી બીલ્ડીગ અંગેનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ. આ તાલીમમાં જુદી જુદી પ્રવૃતિઓ અંતર્ગત વિદ્યાર્થીઓનાં ગ્રૃપ બનાવીને ટીમ બીલ્ડીંગ તથા પર્સનાલીટી ડેવલોપમેન્ટ અંગેનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ.

તાલીમના બીજા દિવસે શ્રી નારાયણ ગુરૂજી ધ્વારા લીડરશીપ વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓ તથા બાગાયત કોલેજના દરેક કર્મચારીઓએ પણ લાભ લીધો હતો. ડૉ. વિજય સોનાવને ધ્વારા 'સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ' વિશે માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં, SWOT એનાલીસીસ, સ્કીલ ડેવલોપમેન્ટ, ટાઈમ મેનેજમેન્ટ અને ઈન્ટરવ્યુ આપતી વખતે ધ્યાનમાં રાખવા જેવી મહત્વની બાબતો વિશે પણ માર્ગદર્શન પુરૂ પાડેલ.

કાર્યક્રમના સમાપન વખતે ડૉ. એસ. એચ. અકબરી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ, ડૉ. એચ. સી. પટેલ, આચાર્યશ્રી તથા એન.સી.સી.એસ.ડી. ના સભ્યો હાજર રહેલ. કાર્યક્રમમાં બેસ્ટ એકટીવ ગ્રૃપને મેડલ તથા તાલીમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓના પ્રતિભાવો મેળવવામાં આવેલ તથા પ્રમાણપત્રોનું વિતરણ કરેલ. અંતમાં, ડૉ. એ. એચ. બારડ, ચેરમેન, વિદ્યાર્થી સંઘ, બાગાયત મહાવિદ્યાલય ધ્વારા સૌનો આભાર માની આ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ.




Leadership and Entrepreneurship
Development Training
Anand Agricultural University, Anand






Development Training
February 15-16, 2018
organized by
Anand Agricultural University, Anand
Venue : College of Horticulture, A.A.U., Anand


Leadership and Entrepreneurship
Development Training